**ક્રિમીનલ અપીલ નં.૪૪/૨૦૨૩**

**// આંક–૦૪ અન્વયે આંક–૧ લગત હુકમ //**

સદર કામનુ રેકર્ડ વંચાણે લીધુ. સદર કામના એપેલેન્ટ ગોપાલ અશોકકુમાર શાહ, રહે.દોલતગંજ બજાર, દાહોદ, તા.જી.દાહોદ નાઓને ક્રિમીનલ કેસ નં.૩૮૩૩/૨૦૧૮ ના કામે ત્રીજી એડી. જયુડી.મેજી.ફ.ક. દાહોદ ધ્વારા ક્રિ.પ્ર ો.કો.ની કલમ–૨૫૫(૨) અન્વયે તેઓની સામેના નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુનામાં તકસીરવાન ઠરાવી બે વર્ષની સાદી કેદની સજા તથા તકરારી ચેકની રકમ રૂા.૩,૦૦,૦૦૦/– ફરીયાદીને વળતર પેટે હુકમ તારીખથી એક માસમાં ચુકવી આપવાનો આદેશ કરતો તા.૧૮/૦૮/૨૦૨૩ ના રોજ હુકમ કરેલ. જે હુકમ સામે હાલના એપેલેન્ટ/આરોપી અત્રેની અદાલતમાં હાલની અપીલ તા.૧ ૬/૦૯/૨૦૨૩ ના રોજ દાખલ કરેલ હતી અને સદર અપીલ સાથે આંક–૦૪ થી સજા મૌકુફ કરવા તથા જામીન ઉપર મુકત કરવા માટેની અરજી રજુ રાખેલ જે અરજીની સુનાવણી બાદ તા.૧૧/૧૦/૨૦૨૩ ના રોજ રૂા.૧૦,૦૦૦/– ના જામીન આપવાનો તથા ચેકની રકમના ૨૦% નાઝર માં દિન–૬૦ માં જમા કરાવવાનો હુકમ કરેલ હતો. ત્યારબાદ હુકમ મુજબ આરોપી/એપેલેન્ટ તરફે તા.૧૧ /૧૦/૨૦૨૩ ના રોજ જામીન રજુ કરેલ હતા પરંતુ સદર કામનુ રેકર્ડ જોતાં આંક–૪ ના હુકમ મુજબ એપેલેન્ટ તરફે હુકમ મુજબના નાણાં ભરેલ છે કે, કેમ? તે બાબતે આં ક–૪ લગત વધુ હુકમ કરતા નાઝરશ્રીએ તે લગત શેરો કરેલ છે કે, રેકર્ડની ખરાઈ કરતા હાલની અપીલના કામે આજદિન સુધી કોઈ રકમ જમા કરાવવામાં આવેલ નથી.

આમ, ઉપરોકત તમામ હકીકતોને ઘ્યાને લેતાં સદર કામના એપેલેન્ટ ધ્વારા રજુ કરવામાં આવેલ આંક–૪ ની સ્ટે અરજી જેના હુકમની તા.૧૧/૧૦/૨૦૨૩

ના રોજની છે અને હુકમ મુજબ દિન–૬૦ માં ચેકની રકમ ભરવા જણાવેલ હતી. ત્યારબાદ ૬૦ દિન પુર્ણ થયા બાદ આજદિન સુધી એપેલેન્ટ તરફે આંક–૪ ના હુકમ મુજબ ચેકની રકમના ૨૦% રકમ ભરપાઈ કરવામાં આવેલ નથી તેમજ, રેકર્ડ વં ચાણે લેતા, સદર કામના એપેલેન્ટે કે તેના વિ.વ.શ્રી જામીન રજુ કર્યા બાદ આજદિન સુધી હાજર રહેલા નથી કે કોઈ મુકતી રીપોર્ટ કે હુકમ મુજબના નાણાં ભરવા સારુ કોઈ દરકાર લીધેલ હોય કે કોઈ મુદત અરજી રજુ રાખેલ હોય તેવુ પણ જણાઈ આવતુ નથી.

વધુમાં એપેલેન્ટની હાલની વર્તણુંકને ધ્યાને લેતાં તેવુ સ્પષ્ટરીતે જણાઈ આવે છે કે, એપેલેન્ટે ટ્રાયલ કોર્ટ ધ્વારા કરવામાં આવેલ હુકમ મુજબની કોઈ જ રકમ ભરવી ન પડે તેમજ સજા ભોગવવી ન પડે તે માટે માત્ર ટ્રાયલ કોર્ટના હુકમને સ્ટે કરાવવા પુરતી જ હાલની અપીલ દાખલ કરેલ છે. અત્રે એ નોંધવુ આવશ્યક છે કે, સદર કાયદાના હેતુ મુજબ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી છ માસમાં પુર્ણ કર્યેથી જ ફરીયાદીને ચેકના નાણાં પરત મળે અને સમયસર ન્યાય થઈ શકે. આ કામે એપેલ ેન્ટ/આરોપી સામેની ફરીયાદ તા.૨૭/૧૨/૨૦૧૮ ના રોજ દાખલ થયેલ અને તેની ઈન્સાફી કાર્યવાહી એટલે કે, ચુકાદો તા.૧૮/૦૮/૨૦૨૩ ના રોજ આવેલ છે અને અપીલકર્તા/આરોપીને ચેકની ૨૦% રકમ ભરવાની દિન–૬૦ ની મુદત લીધા બાદ પણ આરોપીએ કોઈ જ દરકાર કરેલ ન હોય તે જ અપીલકર્તાનો બદઈરાદો અને વર્તણુક રેકર્ડ ઉપર સ્પષ્ટ થયેલ છે. જેથી આ કાયદા હેઠળ મુળ ફરીયાદીને સમયમર્યાદામાં ન્યાય મળી રહે તે માટે તેમજ, એપેલેન્ટ/આરોપી તરફે આંક–૪ ના હુકમ મુજબનુ યોગ્ય સમય મર્યાદામાં પાલન કરેલ ન હોય તે સં જોગોમાં આંક–૦૪ નો સ્ટે આથી રદ કરવામાં આવે છે.

આમ, એપેલેન્ટ/આરોપી સામે પકડવોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં એપેલેન્ટ/આરોપીના જામીનદારને નોટીસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૩મી માહે ઓગષ્ટ સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં

વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૮/૨૦૨૪

દાહોદ.

( હર્ષદ શામરાવ ખુટવડ)
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
**દાહોદ – જીજે ૦૦૭૨૪.**